સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

નિર્ભય થઈ, સીમાડે ચીન ચરી જાય છે!
ને મુક્ત 'સ્વર્ગ'માં આતંકીઓ ફરી જાય છે!
તરી જાય છે નેતા, શીતળાના વાહનો બેસી -
ને શહીદી ઓઢીને સૈનિકો મરી જાય છે...
(નેતાઓને કોઠે શીતળા સાતમ)

હાઈકુ

કરો સ્થાપન,
શીતળા - રૂબેલામાં
કરો પૂજન!

રહો સાવધ!
ફૂટશે રૂંવેરૂંવે -
બાળ વેદના...

ચિંતન

પ્રમાદો બ્રહ્મનિષ્ઠાયાં ન કર્તવ્ય: કદાચન ।
પ્રમાદો મૃત્યુરિત્યાહ ભગવાન્ બ્રહ્મણ સુત: ॥

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

બ્રહ્મનિષ્ઠામાં કદી પ્રમાદ ન કરવો 'પ્રમાદ જ મૃત્યુ છે' એમ બ્રહ્માના પુત્ર ભગવાન સન્તસુજાતે કહ્યું છે.

મહાભારતમાં પણ કહેવાયું છે. આદિકાળથી આ બે સત્ય ચાલ્યા આવે છે. વિદ્વાનો મોહને મૃત્યુ કહે છે, પરંતુ પ્રમાદને મૃત્યુ અને અપ્રમાદને અમરતા કહેવાયું છે.

પ્રવૃત્તિ - સતત કાર્યશીલ રહેવામાં જ ઉન્નતિ છે. ભક્તિ-કર્મકાંડ - સતત સત્સંગ, વાચનમાં પ્રવૃત્ત આત્મા સદાય હકારાત્મક વાતો અને વિચાર અને આચારમાં રહે છે.

પ્રમાદ એક જાતની ઉધઈ છે. શરીરની ઉર્જા-શક્તિને ખાઈ જાય છે.

સુવિચાર

- અભિલાષા જયારે દઢ નિશ્ચયમાં ફેરવાઈ જાય છે,ત્યારે જ તે ફળ આપે છે - **સ્વેટ મોર્ડન**
- સદાકાળ ભયમાં રહેવા કરતાં એક વખત આપત્તિની સામે ઝઝુમી લેવું બહેતર છે - **થોમસ ફુલર**
- સંતાન માત્ર વંશવૃદ્ધિનું પ્રતીક નહિં,
  પણ સાંસ્કૃતિક વારસાને વહન કરનાર સાતત્યનું પ્રતિક છે - **ડો. નરેશ વૈદ્ય**
- પ્રેમ હોય તો માણસ સુખ વગર પર જીવી શકે - **દોસ્તાયેવસ્કી**
- મીઠાઈ જેવી મીઠી ખુશામત પચાવવા કરતાં દવા જેવી કડવી ટીકા પટાવવી વધુ સારી - **નુફ્રાત**
- ફિલસૂફી એટલે જીવન બહારની કોઈ બાબત નહિ, પણ આપણી રોજબરોજ જિંદગીને નખશિખ આવરી લેતી એક દષ્ટિ, પારદર્શક, વ્યાપક નજર - **સર્વેશ વોરા**
- આજનું ઔષધ : ઘી માં કેસર અને સાકર ઉમેરી સરખી રીતે મિક્સ કરી તેના ટીપા નાકમાં પાડવાથી માઈગ્રેનમાં ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સો સો વર્ષ અગાઉ વોટરમેન નામનો માણસ. અમેરિકામાં વીમાની પૉલિસીનો એજન્ટ હતો. અત્યારે પણ વીમો ઉતરાવવા માટે કોઈને પણ રાજી કરવો અઘરું કામ છે તો સો વર્ષ પહેલાંની પરિસ્થિતિ ખૂબ ખબરી હતી. આવા સંજોગોમાં એક ગ્રાહક મહામહેનતે વીમો ઉતરાવવા તૈયાર થયો. વોટરમેન ફોર્મ કાઢ્યું. તેમાં વિગતો ભરી. અને ગ્રાહકોને પોતાની ઈંડિપેન આપીને કહ્યું, 'આપે અહિં સહી કરવાની છે.' ગ્રાહકે સહી કરવા હાથમાં પેન લીધી ત્યાં તો ઈંડિપેનમાંથી શાહીનું મોટી ટીપું અને એ ભરેલું ફોર્મ બગડી ગયું. એટલે વોટરમેને કહ્યું, 'કાંઈ વાંધો નહિ.' બીજું ફોર્મ ભરી દઉં.' પણ પેલો ગ્રાહક એક તો મહા પરાણે તૈયાર થયો હતો અને હવે તેને વાંકા થવા માટેનું કારણ મળી ગયું. એણે વોટરમેનને કહ્યું, 'એજન્ટ સાહેબે, આ તો અપશુકન થયા, હવે મારે વિમો નથી ઉતરાવવો.' મહામહેનતે વિમો ઉતરાવવા તૈયાર થયેલ ગ્રાહક છટકી ગયો ! કારણ ? ઈંડિપેનમાંથી પહેલું શાહીનું ટીપું. આ પ્રસંગે વોટરમેનને હચમચાવી દીધો. એણે મનોમન નક્કી કરી લીધું કે હવે તો એવી ઈંડિપેન બનાવવી કે જેમાં આવી ખામી ન રહી જાય.... જાત જાતના પ્રયોગો કર્યા. અને છેવટે તેણે એવી ઈંડિપેન ખોળી કાઢી. એના ઉત્પાદન થકી એ વિખ્યાત બન્યો. વોટરમેન ઈંડિપેનની આખા અમેરિકામાં નામના થઈ.

નવી ચૂંટણી વ્યુહરચનાના સંકેતો

તંત્રીસ્થાનેથી...

જીડીપીના ઉછાળાથી રાજીપો અનુભવી રહેલ કેન્દ્ર સરકાર અને ભારતીય જનતા પાર્ટી હવે પછીના સમયગાળામાં એને વિકાસલક્ષી ચૂંટણી મુદ્દો બનાવી ઘેર ઘેર પહોંચાડશે. એથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિકાસપુરુષ તરીકેની ઈમેજ પણ ચમકાવી શકાશે. વિકાસ સાથે બીજો મહત્ત્વનો મુદ્દો રહેશે રાષ્ટ્રીયતા. ભાજપ કે એની માતૃસંસ્થા જનસંઘ કે પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે રાષ્ટ્રવાદ એ કેન્દ્રવર્તી મુદ્દો રહ્યો છે. સોમનાથ કે રામજન્મભૂમિ સહિતના ધાર્મિક મુદ્દાઓનો એ બહુમતી હિંદુ સમાજને આકર્ષવા માટે જરૂર ઉપયોગ કરશે. પરંતુ એ સીધી રીતે 'હિંદુ રાષ્ટ્ર'ની વાત નહીં કરે. કારણ કે એથી આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની છાપ ઈસ્લામી રાષ્ટ્રવાદી પાડોશી દેશ જેવી સરજાય તે વર્તમાન વડાપ્રધાન સહિત તમામ નેતાઓ સમજે છે. રાહુલ ગાંધી સહિત બધા જ વિપક્ષી નેતાઓ ભાજપને હિંદુ કટ્ટરવાદી પાર્ટી તરીકે ચીતરવા પ્રયાસ કરે છે. પરંતુ સામા પક્ષે નરેન્દ્ર મોદીએ ટ્રિપલ તલાક વિરુદ્ધ ઈનિશિયેટિવ લઈ મુસ્લિમ મહિલાઓનાં દિલ જીતી લીધાં છે તો બીજી તરફ હિંદુ બહુમતીને એક અગત્યનો મેસેજ પણ આપી દીધો છે કે અત્યાર લગી ખુદ અટલબિહારી વાજપેયી જેવા હિંદુત્વ સમર્થક નેતા પણ આવું સાહસ નહોતા કરી શકયા, જે નરેન્દ્ર મોદીને હિંમતપૂર્વક કરી બતાવ્યું છે. ટ્રિપલ તલાક વિરુદ્ધના બિલ જેવું જ કદાચ ચૂંટણી પૂર્વે વધુ એક સાહસિક પગલું મોદી સરકાર ભરી શકે છે. એ પગલું હશે જમ્મુ અને કાશ્મીર રાજય સંદર્ભે રાષ્ટ્રપતિના આદેશથી બંધારણમાં ઉમેરાયેલી કલમ ૩૫-એ રદ કરવાનું પગલું. વર્તમાન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તો ચિઠ્ઠીના ચાકર જેવા આજ્ઞાંકિત સંઘસેવક છે. જે ક્ષણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમને સંકેત આપશે એની વળતી જ પળે રાષ્ટ્રપતિના વિશેષાધિકારની રૂએ ૩૫-એ કલમ ઉપર કૂચડો ફરી જશે અને દેશના તમામ પ્રજાજનોમાં મોદી રાજનો જયજયકાર થઈ રહેશે. કલમ ૩૫-એ અનુસાર કાશ્મીરમાં દેશના અન્ય ભાગોમાં રહેનાર નાગરિક મિલકત ખરીદી કે વસાવી શકતો નથી. આ ભેદભાવ ઉપરાંત કલમ ૩૭૦ અનુસાર કાશ્મીરને મળેલું વિશેષ સંરક્ષણ અને સ્વાયત્તતા સામે ઝઝૂમવાના મુદ્દા સાથે અમિત શાહ અને મોદીના સંયુક્ત નેતૃત્વ હેઠળ પાર્ટી ચૂંટણી મેદાનમાં ઉતરી શકે એમ છે. મોદીએ એમના ચાડા ચાર વર્ષના શાસનકાળ દરમિયાન 'વિશ્વનેતા' તરીકેની જે છાપ ઊભી કરે છે તેમાં ઓટ આવી હોય તો પણ મોદી સામે ટકી શકે એ કક્ષાની પ્રતિભા વિપક્ષના અન્ય કોઈ નેતા પાસે નથી એવી ખરીખોટી માન્યતા પણ એમનું પ્લસ પોઈન્ટ બની રહેશે. મોદીએ વિવિધ આંતરરાષ્ટ્રીય અને બહુરાષ્ટ્રીય સંસ્થાઓમાં ભારતને અગ્રતા ક્રમે મૂકી આપવાનો પુરુષાર્થ કર્યો છે. વિદેશની ધરતી પર જઈને 'મોદી, મોદી, મોદી'ના નારા લગાવડાવવાની કૂટનીતિમાં સફળ રહ્યા છે. અલબત્ત નેપાળ જેવા પાડોશી દેશની રાજધાની કાઠમાંડુ સાથે રકસોલથી બ્રોડગેજ રેલવે લાઈન નાખવાની યોજનાનું શ્રેય પણ એમનાં જ નામે ચડશે. પછી ભલે ત્યાં ચીનના પ્રભાવ હેઠળ માઓવાદી ઓલીનો દબદબો હોય અને ભારત કરતાં ચીનને તે વધુ પડતું મહત્ત્વ આપતા હોય અથવા રાહુલ ગાંધી હિંદુત્વનું કાર્ડ રમવા કૈલાસ માનસરોવરની યાત્રા કરવા ઊપડી ગયા હોય. મોદી આખરે મોદી છે, એટલું વિપક્ષી નેતાઓએ સમજી લેવાની જરૂર છે. કૈલાસ માનસરોવરની બંધ પડેલી યાત્રા પુનઃ શરૂ કરાવવાનું શ્રેય અટલબિહારી વાજપેયીને જાય છે. એમણે જનતા પાર્ટીની સરકારના વિદેશમંત્રી તરીકે તે શરૂ કરાવી હતી અને જે પહેલી બેચ કૈલાસ યાત્રાએ નીકળી એમાં એક યાત્રીનું નામ નરેન્દ્ર દામોદરદાસ મોદી હતું !

ડેન્ગ્યુનું સાચું નિદાન

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

બપોરના બે વાગ્યા હતા. છોકરાઓ સ્કૂલે ગયા હતા. પુરુષો અને નોકરી કરતી બહેનો નોકરીએ ગઈ હતી. સેક્ટરો બધાં ખાલી અને સુમસામ લાગતા હતા. એકલ-દોકલ વ્હીકલ પસાર થતું હતું. વરસાદની સિઝન છે, વરસાદ ઝરમર ઝરમર પડતો હતો. થોડી ગરમી લાગતી હતી. ભેજવાળા વાતાવરણને કારણે અકળામણ અનુભવાતી હતી. બહાર ગંદકી હતી, થોડી હવામાં ભેજની મહેંકને કારણે ગમતું નહોતું. આવી બધી પરિસ્થિતિમાં શાંતાબહેનને ઘરમાં ઉંઘ નહોતી આવતી. ઘરનું બધું જ કામ પતાવીને શું કરવું એ ખબર નહોતી પડતી. શાંતાબહેને બારણું ખોલી બહાર જઈ અને બુમ મારી અલી ઓ... કમુ... બહાર આવ. બર્યું ઊંઘ નથી આવતી. શું કરવાનું બપોરના. આ સવારનું ખાવા – પીવાનું બનાવ્યું, કપડાં-વાસણ, પોતાં કર્યા. બોલ કમું હું તો બધું જ જાતે કપું છું. મને કામવાળાનું અને રસોઈયાનું રસોઈ બનાવવાનું મને ન ફાવે. હું તો જાતે જ રસોઈ બનાવી મારા ઘરવાળાને જમાડું છું. ભલે નોકરી નથી કરતાં, પણ મારા હાથથી મારા કુટુંબનો જમાડું છું. એ મારા માટે લાખ્ખો રૂપિયા બરાબર છે. નોકરી કરીને થોડા પૈસા લાવીને ઘરની શાંતિ બગાડવામાં મને બિલકુલ રસ નથી. આવ બેસ... કમુ આપણે વાતો કરીએ... શાંતાબહેને કહ્યું કમું શું કરે છે તું ? કમુબહેને કહ્યું... આ તારી જેમ જ બધાં જ ૧૦ વાગ્યે નીકળી ગયા. ઘરમાં એકલી જ છું... સગાં-વ્હાલાને ફોન કર્યા. ભગવાનનું ભજન કર્યું. માળા કરી અને પછી આ ગાંધીનગર સમાચાર વાંચ્યું. ગાંધીનગર સમાચારમાં તંન તંદુરસ્તીનો લેખ વાચ્યો. એમાં એવું લખેલું કે ડેન્ગ્યુનો ટેસ્ટ જે સરકાર માન્ય હોય એ જ કરાવવો. મને પ્રશ્ન થાય છે કે સરકાર માન્ય ના હોય એવા કેમિકલ્સ કે કીટ એટલે બર્યું જે હોય તે. એ સરકાર વેચવા કેમ દેતી હશે ? અને સરકાર વેચવા દે તો પાછો એમનો વિરોધ કેમ કરે છે ? જે કેમિકલ બજારમાં મળતાં હોય એ લઈને જ લેબોરેટરીવાળા ટેસ્ટ કરે, તો પછી એને સરકાર માન્ય કેમ ન રાખે ? ક્યારની હું તો એ સમજવા પ્રયત્ન કરું છું પણ મને સમજાતું નથી કે આવું કેમ થાય ? સરકાર કાયદા બનાવે તો એક સરખા બનાવે. શાંતાબહેને કહ્યું કમુબહેન એવું નથી. મને લાગે છે આજે આવેલાં ગાંધીનગર સમાચારના તન તંદુરસ્તીની તું વાત કરે છે. આમ તો સરકાર એમ કહે છે કે કોઈપણ ટેસ્ટ ન કરાવો તો પણ ડૉક્ટરને દર્દીના ચિન્હો પરથી ડેન્ગ્યુના લક્ષણો દેખાતા હોય તો ડેન્ગ્યુની દવા કરી શકે. પણ જો ડૉક્ટરને નિદાન કરવામાં તકલીફ પડે તો ડૉક્ટર ટેસ્ટ કરાવે. હવે લેબોરેટરીમાં ઘણીબધી કંપનીની કીટ મળતી હોય. જેમાં પેપરટોમેટોગ્રાફી અને એલાઈઝા મેથડ અને ત્રીજી એક નવી નીકળી છે પી.સી.આર. ટેકનીક. એનાથી ટેસ્ટ લેબોરેટરીવાળા કરતાં હોય છે. જેમાં પેપરટોમેટોગ્રાફીથી પણ ટેસ્ટ થતાં હોય. જેમાં દર્દીનું લોહી લઈ તેમાંથી સેન્ટ્રીફ્યુઝ કરી એટલે કે એને ગોળ ગોળ ફેરવી, એટલે કે મિક્ષરમાં ગોળ ગોળ ફરે તેમ લોહીને ફેરવવાથી એની પર પાણી છુટું પડે. જેને લેબોરેટરીવાળા સિરમ કહે છે. એ સિરમમાંથી સો માઈક્રોલીટર જેટલું પેપરટોમેટોગ્રાફીના કાર્ડમાં નાંખવાથી દસ – પંદર મિનિટમાં બે રેખા પીંક કલરની દેખાય છે. એટલે કે જેને લેબોરેટરીવાળા બેન્ડ કહે છે. એક બેન્ડ કંટ્રોલ હોય છે અને બીજો બેન્ડ ટેસ્ટ બેન્ડ હોય છે.

જો દર્દીને ડેન્ગ્યુ પોઝીટીવ હોય તો કાર્ડમાં બે બેન્ડ દેખાય અને નેગેટીવ હોય તો ખાલી કંટ્રોલનો જ બેન્ડ દેખાય. આવું મને ખબર છે. આવું હું એક લેબોરેટરીમાં ગઈતી ત્યારે મને લેબોરેટરીવાળાએ સમજાવ્યું હતું. એલાઈઝા મેથડમાં સારી લેબોરેટરી હોય અને વધારે પડતાં સારા મશીન હોય તે જ લેબોરેટરી આ ટેસ્ટ કરે છે. જેમાં સારો ટેકનિશિયન પણ જરૂરી છે. આ પદ્ધતિમાં દર્દીનું સિરમ લઈને એનું બફર સાથે ડાયલુશન કરી એન્ટીબોડીકોટેડ કપમાં નાંખવામાં આવે. એને બે કલાક માટે ૩૭ ડીગ્રીસેન્ટીગ્રેટવાળા ઈન્ક્યુબેટરમાં મોકવામાં આવે છે. બે કલાક પછી એ કપને બહાર નીકાળી બફરથી ધોવામાં આવે એ ધોવાની પદ્ધતિ ખૂબ અઘરી હોય છે અને સૌથી સારો ટેકનિશિયન વધારે સારી રીતે કરી શકે. જેને ૮ થી ૧૦ વખત ધોયા પછી બીજા કેમિકલ નાંખી ફરી પાછું ઈન્ક્યુબેટરમાં મુકી અડધો કલાક પછી ઈન્ક્યુબેટરમાંથી નીકાળીને ફરી બીજું કેમિકલ નાંખી તેમાં કલર ડેવલોપ થયો છે કે નહીં એ જોવામાં આવે. જેમાં પોઝીટીવ કંટ્રોલ, નેગેટીવ કંટ્રોલ અને કટઓફ ઓડીના કપ મૂકેલા હોય, જેને એલાઈઝા રીડરના મૂકવામાં આવે અને પોઝીટીવ કંટ્રોલની ઓડી, નેગેટીવ કંટ્રોલની ઓડી અને કટઓફ ઓડી જોવાની હોય છે. અને પોઝેટીવ કંટ્રોલ, નેગેટીવ કંટ્રોલની ઓડી સાથે સરખાવીને દર્દીના લોહીમાં ડેન્ગ્યુના એન્ટીજન છે કે નહીં તે તપાસવામાં આવે છે. કમુબહેન બોલ્યા અલી શાંતાબહેન તો તો સહેલામાં સહેલું કાર્ડ ટેસ્ટ છે. આટલી બધી મગજમારી પછી ડેન્ગ્યુ છે કે નહીં એટલું જ કહેવાનું હોય છે. તો બધાએ પેપરટોમેટોગ્રાફી જ કરવું જોઈએને... અને જે

અનુસંધાન પાના નં ૭ પર

અખબારોમાં સમાચારોનું મૂલ્ય અને સામાજિક સંદર્ભ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

૨૧મી સદીમાં મીડિયાનું સામ્રાજ્ય જગતભરમાં છવાયેલું રહેશે. કેમ કે વિશ્વની યાત્રિક પ્રગતિ, ભૌતિક સદ્ધરતા, ઈન્ટરનેટનો વૈશ્વિક વ્યાપ, અને વિજ્ઞાનની નવી નવી શોધોએ જાહેરજીવનના તમામ ક્ષેત્રોને અસર કરી છે. અને સાથે સાથે જીવનના ઘણા બધા સામાજિક, પારિવારિક મુદ્દાઓને પણ હાંસિયામાં ધકેલી દીધા છે તેનું મહત્વ ઓછું કર્યુ છે. આવા સમયે મીડિયા એક જ એવું જાહેર માધ્યમ છે કે જે શક્તિશાળી થઈને બહાર આવ્યું છે. કારણ કે સેટેલાઈટ દ્વારા જુદી જુદી ચેનલો પર ૨૪ કલાક પ્રસારિત થતા વિશ્વભરના સમાચારો, દશ્યો, આખા દેશના લોકમાનસને ધારે તે દિશામાં કે પ્રવાહ તરફ ખેંચી જઇ શકે છે. તેની આ શક્તિને કારણે ઘણીવખત મીડિયાની આટલી વ્યાપક સ્વતંત્રતા ઉપર પ્રશ્નો પણ ઊભા થયા છે. તેની સ્વાયતતા રોકવા કે મર્યાદિત કરવા વિચારણાઓ પણ થઈ છે. પરંતુ પરિણામ શૂન્ય છે. કેમ કે મીડિયા સામે કોણ પડે ? સૌને પોતાની સત્તા - ખુરશી વહાલી છે.

અજાયબ સ્વપ્રસૃષ્ટિમાં સરી પડાય એવી વિવિધ ચેનલોની ભરમારમાં અખબારોની ભૂમિકા અંગે પણ વિચારવું જોઈએ. કેમ કે દશ્ય મીડિયા તો છેલ્લા ચાલીસેક વર્ષથી છે અને એમાંય ચેનલોનો રાફડો તો હજી ૧૫/૨૦ વર્ષથી જ ફાટેલો છે. પરંતુ અખબારો તો ૧૫૦ વર્ષથી વધારે જુની પરંપરા ધરાવે છે. જો કે ટી.વી ચેનલોના આક્રમણથી અખબારોએ પણ પોતાનું બાહ્ય સ્વરૂપ, નીતિ અને વ્યવસ્થા બદલવા પડ્યા છે. ઘણી બધી બાંધ છોડ, નવી ટેકનિક અપનાવી પડી છે. જેને કારણે આજે પણ અખબાર ટકી રહ્યું છે. અને સક્ષમ રીતે પોતાની પ્રતિષ્ઠા સાચવી રહ્યું છે. એક અખબાર ચલાવવું એટલે એક આખું સામ્રાજ્ય ચલાવવા બરાબર છે. સામ્રાજ્યમાં પોતાના અસ્તિત્વ માટે સૈનિકો તલવારથી લડતા અને અહીં કલમથી, વિચારથી અને સ્વપ્રથી લડવું પડે છે. કોઈપણ અખબારનું મૂલ્ય અને પ્રતિષ્ઠા એમાં પ્રગટ થતા વિચારો ઉપર હોય છે. એટલે કે એમાં છપાતા સમાચારો ઉપર હોય છે. માણસની જેમ અખબારનો પણ એક સામાજિક – સાર્વજનિક સ્વભાવ હોય છે. જે એની નીતિથી બનતો હોય છે. માત્ર રંગીન પૂર્તિઓ, આકર્ષક અને ગલીપચી કરાવે એવી વાર્તાઓ, લેખો કે સમાચારો છાપવાથી અખબાર પ્રતિષ્ઠિત કે લોકપ્રિય નથી બની જતું એમાં પ્રગટ થતા સમાચારોનું પણ એક મૂલ્ય હોય છે. આખા અખબારના સામ્રાજ્યની ભવ્ય ઈમારતનો પાયો એની તટસ્થતા – સત્યતા પર નિર્ભિત છે. જો વાંચકને સહેજેય ગંધ આવી જાય કે આ સમાચારમાં પક્ષ લેવાયો છે. રાજનીતિ છે કે જાહેરાત છે તો ધીમે ધીમે વાંચક એ અખબાર વાચતો બંધ થઇ જાય છે. અને આવી તટસ્થતા કેળવવા માટે અખબારના તમામ વિભાગોના લીડરો, પત્રકારો અને ખૂફીયા જાસૂસો પાવરફૂલ અને નિષ્ઠાવાન હોવા જોઇએ. પછી ભલે કોઇનું એનકાઉન્ટર કેમ નથી કરાતું. પણ એમાં સત્યતા અને તટસ્થતા હશે તો લોકો સ્વીકારશે.

પરંતુ આ બધુ એ લાવનાર પત્રકાર ઉપર અવલંબિત હોય છે. ઘણીવખત ઘટના સાવ સામાન્ય બને છે પણ પત્રકાર એની રજુઆત એવી રીતે કરે છે કે એ ઘટના ખુબ જ મહત્વની બની જાય છે. અથવા લોકોમાં ચર્ચાવા લાગે છે. એની પાછળ જે તે પત્રકારનો કે તંત્રીશ્રીનો કોઇ ખાસ વિશેષ આશય પણ છૂપાયેલો હોય છે. તો વળી કેટલીક વાર ખુબ જ અગત્યની ઘટનાને કોઇ અખબારમાં સહેજેય સ્થાન નથી મળતું અથવા એકદમ અંદરના પાને ક્યાંક સાઇડમાં સાવ નાની જગ્યામાં છાપી દેવામાં આવે છે.

આજકાલ અખાબારોમાં હરિફાઇ ખુબ વધી રહી છે. અને આ ફરિફાઇમાં જીતવા સૌ કોઇ અખબારો રંગીન પૂર્તિઓ, વિવિધ સ્કીમો, યોજનાઓ અને કૂપનોની અવનવી લાલચો પોતાના વાચકોને આપીને પોતાની તરફ ખેંચી રહ્યા છે પણ કોઇ અખબાર પોતાના સમાચારોની સત્યતા ઉપર કે પત્રકારોની સમજ ઉપર કે બહારથી આવતા સમાચારો ઉપર કે દરેક જિલ્લામાંથી આવતા સમાચારોના પાનાઓ ઉપર ધ્યાન અપાતું જ નથી. મોટેભાગે આ બધામાં કેટલીયે રાજનીતિ થતી હોય છે. જિલ્લાના પાનાઓમાં તો સાચા અને સારા સમાચારો તો છપાતા જ નથી હોતા. અને જે છપાય છે તે મોટેભાગે સેટિંગવાળા કે ઓળખીતાઓના કે વોટ્સપ પર આવેલા કે પોલીસ સ્ટેશનેથી મળેલા સમાચારો જ હોય છે. ઘણા અખબારોમાં જિલ્લા કક્ષાના સમાચારોને રાષ્ટ્રીય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાના સમાચારોને જિલ્લાના પાનાઓમાં છાપીને પણ અખબાર પોતાના રેઢિયાળ તંત્રનો પરિચય આપે છે. જો કે એ માટે જિલ્લાતંત્ર પણ જવાબદાર હોય છે. અને ઉપર લેવલે કંઇ જોવાતું ના હોય તો જ આમ બની શકે. આ ફરિફાઇ કોઇ અખબાર સમાચારોની સત્યતાથી કે ક્વૉલિટીથી જીતવાનો કોઇ પ્રયાસ નથી કરતું. તો વળી પૂર્તિઓમાં ગળચટ્ટા, તીખા તમતા અને ઉત્તેજક લેખો લખતા કૉલમિસ્ટોથી પણ અખબારની ઈજ્જત બનતી - બગડતી હોય છે. ઘણા અખબાર આવા લેખો ખાસ લખાવતા હોય છે અને કૉલમિસ્ટો લખતા પણ હોય છે. આજકાલ મોટાભાગના કોલમિસ્ટો લેખકો નથી પરિણામે તેમની ભાષા એકદમ ખરબચડી, તોછડી અને અશુદ્ધ હોય છે. વળી કોઇપણ સાહિત્યિક કે સામાજિક ઘટનાઓનું અર્થઘટન લેખકો કરે અને આ કોલમિસ્ટો કરે એમાં ફેર તો પડવાનો જ.. પરંતુ છપાય છે કોલમિસ્ટોનું અને એ રીતે સત્ય ઢંકાયેલું રહે છે અને મૂળ ઘટનાની બીજી કોઈ બાજુ જ પ્રગટ થઈ જાય છે.

આપણા મોટાભાગના રાષ્ટ્રીય અખબારો સાહિત્યિક સમાચારો પ્રત્યે ખુબ જ ઉદાસીનતા સેવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી સાહિત્યની પ્રવૃતિને યોગ્ય રીતે અખબારોમાં પ્રસિદ્ધિ મળતી થઈ છે. આમ છતાંય ઘણી વખત પ્રગટ થતા સમાચારોમાં વિગતદોષ કે સમજણફેર હોય છે. જો કે આમાં ક્યારેક પત્રકારો હાથે કરીને પણ સમાચાર ઉપર મીઠું મરચું ભભરાવીને વાંચકોને પીરસતા હોય છે.

સામાજિક રીતે અનુકરણીય હોય કે પ્રેરણાત્મક હોય એવા સમાચારો બહું ઓછા જોવા મળે છે. કૉલેજમાં છેડતીના સમાચાર મોટા હેડિંગ સાથે છપાય અને દરિયામાં ડૂબતા બાળકોને બચાવવાના સમાચાર ક્યાંય ખૂણામાં હોય. આ નીતિ ક્યારે બદલાશે ?

ગુજરાતી અખબારોએ પોતાની એક ઓળખ જરુર ઊભી કરી છે પરંતુ તટસ્થ પ્રતિભાના દર્શન બહું ઓછામાં જોવા મળે છે. કેમ કે કોઈ ને કોઈ અખબારો પાછળ કોઈ જૂથ કામ કરી રહ્યું છે. કોઈ પક્ષ કે સંપ્રદાય કામ કરે છે. અને આ બધા છેક ઉપરની સત્તા સુધી એકબીજા સાથે સંકળાયેલા હોય છે. આ રીતે આખું તંત્ર કામ કરે છે. અખબાર એ ચોથી જાગીર છે. એવું કહેવામાં આવે છે પરંતુ હું તો કહું છું કે અખબાર વિશ્વની સૌથી મોટી તાકાત છે. શસ્ત્ર છે. એ ધારે તો આખા સમાજની વિચારધારા બદલી શકે છે. સાહિત્યની જેમ અખબાર પણ સમાજનો અરીસો છે પરંતુ આજકાલ આ અરીસો ધૂંધળો બની રહ્યો છે.

'સ્ટ્રીમીંગ નાવ' : શોર્ટ...સચોટ અને બિન્દાસ્ત મનોરંજન...!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

શાહરૂખખાન... રાધિકા આપ્ટે... સુશાંતસિંહ રાજપૂત... વિદ્યા બાલન... સૈફઅલી ખાન... ઈમરાન હાશમી... કરિશ્મા કપૂર...એન્ડ મેની મોર...! આ બધા ઓલરેડી સિલ્વર સ્ક્રીનના ચમકતા સિતારા તો છે જ, ઈનફેક્ટ શાહરૂખ ને વિદ્યા જેવા તો ઓલરેડી સુપરસ્ટાર છે જ છતાં પણ આ લોકોને સિલ્વર સ્ક્રીન સિવાય પણ નાના પડદે ચમકાવવાનો મોહ લાગ્યો છે...અને એનું કારણ છે શોર્ટ, સચોટ અને બેધડક વાતો કહેતી વેબ-સીરીઝીસ....! જી હા શાહરૂખ તો આમેય નાના પડદા થી જ મોટા પડદે આવેલો છે એટલે એના માટે તો બેક ટુ પેવેલીયન જ કહેવાય, જો કે શાહરૂખ પોતે તો વેબ સીરીઝમાં એક્ટિંગ નથી કરવાનો પણ એના બેનર નીચે એક વેબ સીરીઝનું નિર્માણ કરવા જઈ રહ્યો છે કે જેમાં ઈમરાન હાશમી મેઈન લીડ રોલ ભજવશે... આ વેબ સીરિઝ વાર્તા 'ધ બોર્ડ ઓફ બ્લડ' પર આધારિત હશે. જેમાં ઈમરાન હાશ્મી મુખ્ય રોલમાં જોવા મળશે. ઈમરાન કબીર આનંદનું પાત્ર ભજવતો જોવા મળશે.! રીપોર્ટ તો એવા છે કે વિદ્યા બાલન એક વેબ સીરીઝમાં ઈન્દિરા ગાંધી બનીને આવી રહી છે...!

સમય સમય મુજબ દર્શકોને બાંધી રાખવા કે પોતાની તરફ ખેચવા માટે મનોરંજનના નવા નવા આયામો વિકસતા રહેતા હોય છે, વેબ સીરીઝ આમાનું એક લેટેસ્ટ અને અત્યારના સંજોગોમાં અતિ લોકપ્રિય અને બળકટ માધ્યમ છે. સાસ - બહુ ના બોરિંગ ડ્રામામાંથી દર્શકોને ઉબકા આવવા લાગ્યા હતા એનો લાભ લઈને વેબસિરીઝે દર્શકોમાં પોતાનું આગવું સ્થાન જમાવી લીધું છે. વેબસીરીઝમાં કહેવાતી વાર્તાઓ અમુક અંશે ફિકશનલ જરૂર છે પણ ઓરીઝનલ અને નેચરલ નજર આવે છે, વેબસિરીઝની વાર્તાઓ ઓવર ડ્રામાથી દુર અને રજુઆતમાં ક્રિસ્પ લાગે છે એનું કારણ છે વેબ સીરીઝના કલાકારોની નેચરલ એક્ટિંગ અને ખાસ તો મેકઅપના થથેડા સિવાય રજુ થતી અસલ લાગતી કાલ્પનિક વાર્તાઓ..! ખાસ કરીને રજુઆતની છૂટછાટને લીધે બોલ્ડ કન્ટેન્ટ પીરસી શકતી વેબસીરીઝ યુવા દર્શકોમાં ખાસ અને આગવું સ્થાન જમાવી ચુકી છે. ફિલ્મના બે કે ત્રણ કલાકમાં કહી ના શકાય એવી વાર્તા કે પછી સેન્સરની આંટીઘુંટીમાં પડ્યા વગર વાત કહેવી હોય તો વેબ્સીરીઝ છે બેસ્ટ ઓપ્શન....!

સુશાન્સિંહ રાજપૂતને જ લઇ લ્યો ને....આમ તો શુશાંત એમ.એસ.ધોનીની હીટ બાયોપિક પછી મોટો સ્ટાર ગણાય છે . નવેમ્બરમાં એની સૈફની છોરી સારા સાથે કેદારનાથ રજુ થઈ રહી છે પણ શુશાંતને પણ વેબસીરીઝનું માધ્યમ ગમી ગયું છે. ૫૪૦ બીસી થી લઈને ૨૦૧૫ સુધીના ૨૦૦૦ વર્ષના સમયગાળામાં થઈ ગયેલી ભારતની હસ્તીઓ પરની આ વેબસીરીઝ્માં શુશાંત ચાણક્ય, ટાગોર, કલામ જેવા લોકોની જીવનયાત્રા કહેવા માટે અલગ અલગ ૧૨ પાત્રોમાં નજરે પડશે...!! દર્શકોને તો બખ્ખા જ છે...!! તો સર્જીકલ સ્ટ્રાઈક પર ઓલરેડી લેટેસ્ટ હોટ અને હીટ વિક્કી કૌશલના રોલવાળી ફિલ્મ 'ઉરી' તો બની જ રહી છે પણ બિરલા ગ્રુપની વેબ સીરીઝ કંપની દ્વારા 'ઈન્ડીયા સ્ટ્રાઈક - ૧૦ ડેય્સ' નામે વેબ્સીરીઝ પણ બની રહી છે..!

અત્યારે નેટફ્લીક્સ, હોટસ્ટાર અને એમેઝોન વેબસીરીઝ્ના ક્ષેત્રમાં અગ્રેસર છે પણ તમે યુટ્યુબ કે એકતા કપૂરના બાલાજી એએલટી પર અનેકો વેબ્સીરીઝ જોવા મળશે. ૨૦૧૪માં આવેલી પહેલી વેબ્સીરીઝ 'પરમેનન્ટ રૂમમેટ' ની સફળતાથી વેબ્સીરીઝ્ની સીરીઝો શરુ થઇ ગઈ ટીવીના એકને એક ઘીસાપીટા મનોરંજનથી યુવા દર્શકવર્ગ ઉબકી ગયો છે એવામાં વેબસીરીઝની આ નાની નાની ફૂલઝડીઓ યુવા દર્શકોમાં મનોરંજનની ફુહાર લઈને આવી છે. અને આ તો ઓનલાઈન છે એટલે ગમે ત્યારે, ગમે ત્યાં અને ગમે એટલા સમય માટે જોઈ શકાય છે અને આ જ આનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે..! અને બીજું કે દુનિયાભરનું કન્ટેન્ટ તમારા મોબાઈલ કે લેપ્પીમાં હાજર છે. તમે પાકિસ્તાની, કોરિયાઈ, જાપાનીઝ કે મરાઠી, પંજાબી કે પછી યુરોપિયન કોઈ પણ લેન્ગવેજમાં ગાજેલી અને વખણાયેલી આ છોટી છોટી સીરીઝો આસાનીથી અને આરામથી જોઈ શકો છો. યુવાનોને આ વધુ માફક આવી ગયું છે. અને સામે છેડે વેબસીરીઝ્ના નિર્માતાઓ અને કલાકારો પણ એક થી કે ચડિયાતા વિષયો સાથે મનોરંજન પીરસી રહ્યા છે અને એ પણ બેધડક અને બેરોકટોક....!

જો કે આ બેરોકટોકને લીધે વિવાદો પણ એટલા જ થાય છે. એટલે જ 'ઇટ્સ નોટ સિમ્પલ' સિરીઝની નાયિકા સ્વરાં ભાસ્કર બીજી સીઝન માટે તૈયારી કરતા કહે છે કે આમાં સેન્સર બોર્ડ ઈન્વોલ્વ નથી એટલે કલાકારો છૂટથી અને રીયલ લાગતું કામ કરી શકે છે. વાત પણ સાચી છે કેમકે વેબસીરીઝ પ્યોરલી એક્ટિંગ પર ડીપેન્ડ છે. મોટાભાગની સફળ વેબ્સીરીઝ એના કલાકારોના દમદાર અભિનયને લીધે અને બાકી જો બચ્યા તો વાર્તાને લીધે લોકપ્રિય થઈ છે એ હકીકત છે જ...! જેમ કે નેટફ્લીક્સ પર હમણા જ રીલીઝ થયેલી અને ત્રણ ભાગમાં આવેલી રાધિકા આપ્ટેની ' ઘોલ 'રીલીઝ થતા જ હીટ થઈ ગઈ છે. 'ઘોલ' માં હોલીવુડ ફિલ્મોમાં જોવા મળે એવા વિઝ્યુલ છે તો નેટફ્લીક્સ પર જ જુલાઈમાં રીલીઝ થયેલી સૈફને ચમકાવતી 'સૈકેડ ગેમ્સ 'પછી રાધિકાની આ સીરીઝ વધુ ચર્ચિત છે. તો મુંબઈના બહુચર્ચિત કોલા કમ્પાઉન્ડ કાંડ પર એકતા કપૂર બાલાજી એએલટી પર 'હોમ' નામે વેબ્સીરીઝ લાવી રહી છે જેમાં અનુ કપૂર અને સુચિત્રા મેઈન રોલમાં છે કે જેમાં બિલ્ડરની ભૂલોને લીધે તોડી પડાવવા જઈ રહેલી સોસાઈટીને બચાવવા માટે સંઘર્ષ કરતા લોકોની વાત છે.

વેબ્સીરીઝનો જાદુ એટલો બધો છે કે લગભગ બધાને આમાં કામ કરવું છે પછી ચાહે એ નિર્માતા તરીકે કે પછી કલાકાર તરીકે. શાહરૂખની વાત તો આગળ કરી જ પણ એ સિવાય શ્રધ્ધા કપૂર પણ વેબ સીરીઝના આંગણે પગ માંડવા તૈયાર છે તો બહુચર્ચિત રાધે માં પણ એક વેબ સીરીઝ 'રાહ દે માં'માં આવી રહ્યા છે..! તો ડાયરેક્ટર ઈમ્તીઆઝઅલી અને કારણ જોહર પર ડીજીટલ પ્લેટફોર્મ માટે કશું બનાવવાની વેતરણમાં છે. તો ફિલ્મ 'સંજુ' માં ના કહેવાયેલી સંજય દત્તની લાઈફ પર એક વેબ સીરીઝ બની રહી છે. હીટ ફિલ્મ 'બાહુબલી' 'ની શીવગામી પર ૧૦ હપ્તાની એક વેબ્સીરીઝ બની રહી છે જેમાં શીવગામીના પૂર્વ જીવનની વાત હશે...! 'કાંટા લગા' ગીતથી રાતોરાત હીટ થઇ ગયેલ શેફાલી જરીવાલા બાલાજીની કોમેડી વેબ સીરીઝ 'બેબી કમ ના; માં શ્રેયસ તલપદે અને ચંકી પાંડે સાથે જોવા મળશે.

વેબસીરીઝ મનોરંજનનો નવો ખજાનો છે અને હીટ એટલા માટે છે કે એક તો એને સેસરનો કોઈ બાધ નથી એટલે જે બતાવવું હોય તે બતાવી શકે છે, બીજું કે સામજિક બંધનોને પાર કરીને અલગ વાત કહી શકે છે. આજકાલની વેબસિરીઝોમાં નગ્નતા, ધાર્મિક મતભેદો, લૈંગિક સંબંધો, સેક્સ, હત્યા સહીત બધું જ જોવા મળે છે અને ટીવી કે ફિલ્મોની સેન્સરશીપથી ઉબકી ચુકેલા દર્શકો માટે આ આંચકાની સાથે સાથે કુછ હટકે મનોરંજન છે. અસલમાં વેબસીરીઝ તમારા વિચારો બદલવાની ક્ષમતા ધરાવે છે અને એનું કારણ બેઝીઝક કહેવાતી વાર્તાઓ છે. ચોક્કસપણે વેબસીરીઝ સિનેમા અને ટીવીના મુકાબલે શશક્ત માધ્યમ સાબિત થઈ રહ્યું છે અને આવનારો જમાનો એનો જ છે...!